# લિબર્ટી પેપરસેટ

## ધોરણ 10 : સામાજિક વિજ્ઞાન

**Full Solution**

સમય : 3 કલાક

**અસાઈનમેન્ટ પ્રશ્નપત્ર 7**

### વિભાગ A

**1.** (B), **2.** (D), **3.** (E), **4.** (C), **5.** (A), **6.** ✓ (સાચું), **7.** ✓ (સાચું), **8.** ✓ (સાચું), **9.** × (ખોટું), **10.** × (ખોટું), **11.** અમદાવાદ **12.** 1958, **13.** મિઝોરમ **14.** કૂવા અને ટ્યૂબવેલ **15.** બીજું, **16.** (D) 1952, **17.** (A) નર્મદા, **18.** (B) 84%, **19.** (C) શિક્ષણ, **20.** (D) ત્રણ, **21.** આંતરરાષ્ટ્રીય વ્યાપાર, **22.** (1) મુદ્રિત માધ્યમ (2) ઇલેક્ટ્રોનિક માધ્યમ, **23.** જમીન, **24.** નિયોજન

Liberty

## વિભાગ B

**નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો : (દરેક પ્રશ્નના ૨ ગુણ)**

25. ભારતમાં ભાતીગળ સંસ્કૃતિનો વિકાસ કરનાર પ્રજાનો પરિચય આપો.

➢ નેગ્રીટો, ઓસ્ટ્રેલોઇડ, દ્રવિડ, મોંગોલોઇડ, આર્મેનોઇડ, ડિનારિક, આલ્પાઇન, અને આર્યો દ્વારા ભારતીય ભૂમિ પર લાંબા સમયગાળાના વસવાટ થકી સંસ્કૃતિનો સમન્વય થયો.

➡ જેમ કે, આ પ્રજાઓએ સંસ્કૃતિનાં વિશિષ્ટ તત્ત્વો અપનાવી લઇ એક સમન્વયી અને ભાતીગળ સંસ્કૃતિનું નિર્માણ કર્યું.

➡ સમયાંતરે ભારતમાં આવીને વસેલી આ બધી જાતિઓ વચ્ચે લગ્નસંબંધો ઉપરાંત આર્થિક, સામાજિક અને આધ્યાત્મિક બાબતોમાં આદાન-પ્રદાન થતું ગયું.

➡ રહેણીકરણી, ભાષા, વિચારો, ધાર્મિક માન્યતાઓનો પણ સમન્વય થયો.

➡ આમ, ભારતનો સાંસ્કૃતિક વારસો વૈવિધ્યપૂર્ણ અને ભાતીગળ બન્યો.

➡ ભારતમાં એક ''સમન્વયી સંસ્કૃતિનું સર્જન થયું.''

26. પ્રાકૃતિક અને સાંસ્કૃતિક વારસા વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

➡ પ્રાકૃતિક વારસો અને સાંસ્કૃતિક વારસા વચ્ચેનો તફાવત નીચે મુજબ છે :

| પ્રાકૃતિક વારસો | સાંસ્કૃતિક વારસો |
|---|---|
| પ્રકૃતિ, પર્યાવરણ અને માનવજીવન વચ્ચેના નિકટતમ સંબંધને પ્રાકૃતિક વારસો કહે છે. | માનવે પોતાની બુદ્ધિશક્તિ, કલા-કૌશલ્ય અને આવડત દ્વારા જે કાંઇ મેળવ્યું કે સર્જન કર્યું તેને સાંસ્કૃતિક વારસો કહે છે. |
| પ્રાકૃતિક વારસો એ કુદરત દ્વારા પ્રાપ્ત થયેલો છે. | સાંસ્કૃતિક વારસો માનવસર્જિત વારસો છે. |
| ઉદા., નદીઓ, તળાવો, સરોવર પશુ-પક્ષીઓ વગેરે. | ઉદા., મંદિરો, મહેલો, કિલ્લા, મસ્જિદો ઐતિહાસિક સ્થળો વગેરે. |

27. રંગલો અને રંગલી જેવાં પાત્રો જે કલામાં પોતાની વિશેષતાઓ દ્વારા વિષયવસ્તુ સમજાવે છે તે કલાનો પરિચય આપો. (ભવાઈ)

➡ શાસ્ત્રકારોએ ભવાઈને 'ભાવપ્રધાન નાટકો' કહ્યાં છે.

➡ ભવાઈ, એ આશરે 700 વર્ષ જૂની ગુજરાતમાં અસાઇત ઠાકર દ્વારા શરૂ થયેલી જૂની વિશિષ્ટ પ્રકારની નાટ્યકલા છે.

➡ સસ્તા ખર્ચે લોકશિક્ષણ સાથે મનોરંજન કરતી આ નાટ્યકલાને સોલંકી યુગમાં પ્રોત્સાહન અપાયું.

મોટે ભાગે પડદા વિના ભજવાતાં નાટકો, હળવી શૈલીની રમૂજો અને ભૂંગળ વાદ્ય સાથે સંગીતપ્રધાન નાટકો અને વેશમાં મોટે ભાગે રામદેવનો વેશ, ઝંડા ઝૂલણનો વેશ, કજોડાનો વેશ એ ભવાઈની વિશેષતા છે.

➡ ભવાઈના વિષયવસ્તુમાં સામાજિક કુરિવાજોના પ્રતિકારનો પણ સમાવેશ થાય છે.

➡ ગુજરાતમાં કન્યા-કેળવણી, બેટી બચાવો જેવા કાર્યક્રમો માટે રંગલા-રંગલી જેવાં પાત્રો સાથે ભવાઈ નાટ્યપ્રયોગો યોજાય છે.

➡ ભવાઈ ભજવનાર ભવાયાઓ ભૂંગળ વગાડી માતાજીની સ્તુતિ કરતા હોય છે.

28. સંગીત રત્નાકરનો પરિચય આપો.

➡ પંડિત સારંગદેવે સંગીત રત્નાકર નામના ગ્રંથની રચના કરી.

➡ પંડિત અહોબલ મધ્ય ભારતમાં દોલતાબાદના વતની હોવાથી ઉત્તર ભારત અને દક્ષિણ ભારતના સંગીતથી પરિચિત હતા.

➡ સંગીતનાં અંગોને સમજવા માટે સંગીત રત્નાકર અજોડ ગ્રંથ ગણાય છે.

➡ પંડિત વિષ્ણુનારાયણ ભાતખંડેએ 'સંગીત રત્નાકર'ને સંગીતશાસ્ત્રનો સૌથી પ્રમાણભૂત ગ્રંથ ગણાવ્યો છે.

29. સાંસ્કૃતિક વારસાના ભાગરૂપે ભારતના જે સ્મારકનો ₹ 500ની નવી ચલણી નોટમાં ઉલ્લેખ મળેલ છે. તેનો પરિચય આપો.

➡ દિલ્હીમાં આવેલ લાલ કિલ્લાનું નિર્માણ શાહજહાંએ ઈ.સ. 1638માં કરાવ્યું હતું.

➡ લાલ પથ્થરમાંથી બનેલા આ કિલ્લામાં શાહજહાંએ પોતાના નામથી શાહજહાનાબાદ વસાવ્યું હતું.

➡ આ કિલ્લાની અંદર દીવાન-એ-આમ, દીવાન-એ-ખાસ, રંગમહેલ જેવી મનોહર ઇમારતો બંધાવી હતી.

Liberty

- દીવાન-એ-ખાસની ઇમારતની સજાવટમાં સોના, ચાંદી અને કિંમતી પથ્થરોના અદ્ભુત સમન્વય થકી અલંકૃત છે.
- લાલ કિલ્લાની અન્ય ઇમારતોમાં રંગમહેલ, મુમતાજનો શીશમહેલ, લાહોરી દરવાજા, મીના બજાર અને મુઘલ ગાર્ડન વગેરે આકર્ષણોનો સમાવેશ થાય છે.
- આ જ કિલ્લામાં શાહજહાંએ કલાત્મક મયૂરાસનનું સર્જન કરાવ્યું હતું, જેને નાદીરશાહ દિલ્હી પર ચડાઈ કર્યા બાદ પોતાની સાથે ઈરાન લઈ ગયો હતો.
- લાલ કિલ્લો મુઘલ સ્થાપત્યકલાની ઉત્કૃષ્ટ ઇમારતોમાં સ્થાન ધરાવે છે.
- પ્રતિવર્ષ રાષ્ટ્રીય તહેવારોએ લાલ કિલ્લા પરથી ધ્વજવંદન કરવામાં આવે છે.
- આ વારસાના સ્થળને હાલના ચલણમાં પ્રચલિત 500 રૂપિયાની નોટ પર અંકિત કરવામાં આવેલ છે.

30. ભારતનાં તીર્થસ્થાનો જણાવો.

- ભારતના લોકો વિવિધ તીર્થસ્થાનોની યાત્રાએ જાય છે.
- ભારતમાં ચારધામમાં ઉત્તરાખંડમાં બદ્રીનાથ, તમિલનાડુમાં રામેશ્વરમ્, ગુજરાતમાં દ્વારકા અને ઓડિશામાં જગન્નાથપુરીનો સમાવેશ થાય છે.
- ભારતમાં ચારધામની યાત્રા ઉપરાંત બાર જ્યોતિર્લિંગની યાત્રા પણ પ્રચલિત છે.
- ભારતમાં 51 શક્તિપીઠો અને અમરનાથની યાત્રા પણ મહત્ત્વપૂર્ણ છે.
- ગિરનાર, શેત્રુંજય અને નર્મદાની પરિક્રમાનું પણ અનેરું મહત્ત્વ છે.
- આમ, પ્રાચીન કાળથી ભારત તીર્થભૂમિ રહ્યું છે.

31. વન્યજીવોના સંરક્ષણ માટેની વિવિધ યોજનાઓ વર્ણવો.

- (1) વાઘ પરિયોજના :
  - ભારતમાં 20મી સદીના પ્રારંભે લગભગ 40 હજાર કરતાં પણ વધારે વાઘ હતાં, પરંતુ શિકાર અને નિર્વનીકરણને કારણે વાઘના અસ્તિત્વ સામે બહુ મોટો ખતરો ઊભો થયો છે.
  - ભારતે વાઘ પ્રજાતિને બચાવવા ઈ.સ. 1971માં આ પરિયોજના શરૂ કરી, જેમાં વાઘને કુદરતી આવાસોમાં સુરક્ષિત અને પર્યાવરણીય સંતુલન જાળવવા રાષ્ટ્રીય સ્તરેથી શ્રેણીબદ્ધ પગલાં લેવામાં આવ્યાં. અત્યારે દેશમાં કુલ 44 જેટલાં ક્ષેત્રોમાં આ યોજના કાર્યરત છે.
- (2) હાથી પરિયોજના :
  - ઈ.સ. 1992માં આ પ્રોજેક્ટનો પ્રારંભ કરવામાં આવ્યો. જેનો મુખ્ય હેતુ હાથીને તેમના કુદરતી આવાસોમાં સંરક્ષણ આપવાનો છે તથા તેમનાં નિવાસસ્થાનો અને તેમના સ્થળાંતરણના માર્ગો સુરક્ષિત રાખવાનો છે.
  - હાલ દેશમાં હાથીઓ માટેના 26 જેટલા સંરક્ષિત વિસ્તારો છે. આ યોજનાના અમલ થકી હાથીઓની સંખ્યામાં વધારો થયો છે.
- (3) ગીધ પરિયોજના :
  - કુદરતી સફાઈ-કામદાર એવા ગીધની ભારતમાં 9 પ્રજાતિઓ જોવા મળે છે.
  - 2004માં ગીધની સુરક્ષા માટે પરિયોજના શરૂ થઈ છે.
- (4) ગેંડા પરિયોજના :
  - આ પરિયોજના એકશિંગી ભારતીય ગેંડાના સંરક્ષણ માટે અમલમાં મૂકવામાં આવી છે.
  - ભારતમાં મોટા ભાગના ગેંડા અસમ રાજ્યમાં જોવા મળે છે. ઉપરાંત પશ્ચિમ બંગાળના સુંદરવન ક્ષેત્રમાં જૂજ (અલ્પ) પ્રમાણમાં જોવા મળે છે.
  - ભારત 'રાઇનો વિઝન (Rhino Vision)' 2020ની વ્યૂહરચના મુજબ ભારતમાં ગેંડાની સંખ્યા 3000 સુધી લઈ જવાનો લક્ષ્યાંક રખાયો છે.
- (5) ઘડિયાલ પરિયોજના :
  - નદીઓના મીઠા પાણીમાં જોવા મળતી આ પ્રજાતિ 1970ના દશકામાં લુપ્ત થવાને આરે હતી.
  - ભારત સરકારે ઘડિયાલ પ્રજાતિને બચાવવા સમયસરનાં પગલાં લઈને આ પરિયોજના શરૂ કરી.
- (6) હિમદીપડા પરિયોજના :
  - હિમાલયના બરફાચ્છાદિત વિસ્તારમાં લગભગ 3000 મીટરની ઊંચાઈએ હિમદીપડાની પ્રજાતિ જોવા મળે છે.
  - સ્થાનિક લોકોમાં હિમદીપડાની પ્રજાતિ પ્રત્યે જાણકારી વધે અને તેના સંરક્ષણ માટે લોકો જાગૃત થાય તે હેતુથી 2000માં હિમદીપડા પરિયોજના શરૂ કરવામાં આવી.
- (7) અન્ય પરિયોજના :

  (a) કશ્મીરી હંગુલ પરિયોજના


  (b) લાલ પાંડા પરિયોજના

  (c) મણિપુર થામિલ પરિયોજના (મણિપુરમાં જોવા મળતાં વિશિષ્ટ હરણની પ્રજાતિ માટેની પરિયોજના)

  (d) ગંગા ડોલ્ફિન પરિયોજના (ગંગા-બ્રહ્મપુત્ર નદીમાં જોવા મળતી ગંગા ડોલ્ફિન પરિયોજના પણ કાર્યરત છે.)

32. વિદ્યુતશક્તિ વિશે ટૂંકમાં લખો.

- ➥ વિદ્યુતશક્તિ એ મહત્ત્વની સંચાલનશક્તિ છે.
- ➥ માનવીએ પર્યાવરણનાં વિવિધ તત્ત્વોનો ઉપયોગ કરીને સંચાલનશક્તિના સાધનરૂપ વિદ્યુતશક્તિ વિકસાવેલ છે.
- ➥ આપણા ઘર તથા ઓફિસ વગેરે સ્થળોએ લાઇટ, પંખા, ટેલિવિઝન, ફ્રીજ વગેરેને ચલાવવા વિદ્યુતશક્તિની જરૂર પડે છે.
- ➥ ઔદ્યોગિક વિકાસ માટે વિદ્યુતશક્તિ ખૂબ જરૂરી છે.
- ➥ ઔદ્યોગિક ક્રાંતિ થયા પછી વિદ્યુતશક્તિની શોધ થઈ.
- ➥ ઊર્જાનાં સાધનોને આધારે વિદ્યુતશક્તિના ત્રણ પ્રકાર પડે છે : (1) તાપવિદ્યુત, (2) જલવિદ્યુત અને (3) પરમાણુવિદ્યુત.




33. "આધુનિક યુગને ખનીજ યુગ કહેવાય છે". શા માટે ?

- ➥ આજના સમયમાં ખનીજો એ કોઈ પણ રાષ્ટ્રના આર્થિક વિકાસની કરોડરજ્જુ સમાન ગણાય છે.
- ➥ કોઈ પણ રાષ્ટ્રના આર્થિક વિકાસમાં ખનીજોનું સ્થાન મહત્ત્વપૂર્ણ ગણાય છે.
- ➥ આજે નાનામાં નાની ટાંકણીથી વિશાળકાય જહાજ બાંધકામમાં ખનીજોનું બહુમૂલ્ય યોગદાન છે.
- ➥ ખનીજ કુદરતી સંસાધન છે. તક્નિકી જ્ઞાન અને આધુનિક સાધનો વધતાં ગયાં તેમ ખનીજોનો બહોળો ઉપયોગ થતો ગયો.
- ➥ આજે US અને રશિયા વિશ્વની મહાસત્તા બન્યાં તેનું કારણ ખનીજ સંસાધનોની સમૃદ્ધિ અને વૈવિધ્યતા છે.
- ➥ આમ, આજે અનેક ખનીજોનો ઉપયોગ માનવજીવનમાં થતો હોવાથી આ યુગને ખનીજ યુગ કહેવાય છે.

34. ઉદ્યોગોનું વર્ગીકરણ સ્પષ્ટ કરો.

- ➥ ઉદ્યોગોનું અલગ-અલગ પ્રકારે વર્ગીકરણ થાય છે.

  (A) શ્રમિકોની સંખ્યાને આધારે ઉદ્યોગના બે પ્રકાર પડે છે :

  (1) મોટા પાયા પરના ઉદ્યોગ – જે ઉદ્યોગો વધુ લોકોને રોજગારી આપે તેને મોટા પાયા પરના ઉદ્યોગ કહે છે.

  ઉદા., તરીકે સુતરાઉ કાપડ ઉદ્યોગ

  (2) નાના પાયા પરના ઉદ્યોગ – જે ઉદ્યોગો ઓછા શ્રમિકોને રોજગારી આપે તથા કોઈ વ્યક્તિના માલિકીપણા હેઠળ સંચાલિત હોય તેને નાના પાયા પરના ઉદ્યોગ કહે છે.

  ઉદા., ખાંડ-ખાંડસરી ઉદ્યોગ

  (B) માલિકીપણાને આધારે ઉદ્યોગના ચાર પ્રકાર પડે છે :

  (1) ખાનગી માલિકીના ઉદ્યોગ – બજાજ ઑટો

  (2) જાહેર ક્ષેત્રના ઉદ્યોગ – ભિલાઈ લોખંડ-પોલાદ કેન્દ્ર

  (3) સંયુક્ત ક્ષેત્રના ઉદ્યોગ – ઓઇલ ઇન્ડિયા લિ. (OIL)

  (4) સહકારી ક્ષેત્રના ઉદ્યોગ – અમૂલ ડેરી

  (C) કાચા માલના સ્રોતના આધારે ઉદ્યોગના મુખ્ય બે પ્રકાર પડે છે :

  (1) કૃષિ આધારિત ઉદ્યોગ – ખાંડ-ગોળ ઉદ્યોગ

  (2) ખનીજ આધારિત ઉદ્યોગ – પેટ્રોકેમિકલ્સ ઉદ્યોગ

- ➥ આ સિવાય પણ ઘણી રીતે ઉદ્યોગોનું વર્ગીકરણ થાય છે.

35. પશ્ચિમ બંગાળના પ્રવાસ દરમિયાન તે લોકોના ઘરમાં શણનાં પગલૂછણિયાં, સૂતળી, કંતાન કોથળાની વપરાશ ખૂબ વધારે પ્રમાણમાં જોવા મળી. આવું શા માટે હશે ?

- ➥ શણ, એ કૃષિ આધારિત ઉદ્યોગોમાં બીજા ક્રમે આવતો મુખ્ય ઉદ્યોગ છે.
- ➥ શણ અને શણની બનેલી ચીજવસ્તુઓના ઉત્પાદનમાં ભારતનું સ્થાન પ્રથમ છે, પરંતુ શણની નિકાસમાં બાંગ્લાદેશ પછી વિશ્વમાં બીજો ક્રમ ભારતનો છે.
- ➥ દેશમાં શણના કુલ ઉત્પાદનમાં બંગાળ લગભગ 80% અને આંધ્ર પ્રદેશ 10% અને બાકીનું બિહાર, ઉત્તર પ્રદેશ મધ્ય પ્રદેશ, ઓડિશા, અસમ, ત્રિપુરામાં થાય છે.
- ➥ પશ્ચિમ બંગાળમાં શણઉદ્યોગ કેન્દ્રિત થયો છે. જેના માટે કેટલીક અનુકૂળતાઓ હતી, જેવી કે શણને સંશોધિત કરવા પુષ્કળ પાણીની જરૂર પડે છે. તેથી મોટા ભાગની મિલો – હુગલી નદીના કિનારે આવેલી છે. સસ્તો માનવશ્રમ, વીમા સુવિધા, નિકાસ માટે બંદરોની સુવિધાને કારણે ઉદ્યોગ વિકસ્યો છે.
- ➥ આજે વિવિધ ચીજવસ્તુઓ પેકિંગમાં તથા અન્ય વિકલ્પોને કારણે શણની માગમાં ઘટાડો થયો છે.

Liberty

- ઉપરાંત વધુ ઉત્પાદન-ખર્ચ તથા આંતરરાષ્ટ્રીય બજારમાં શણની ઘટતી જતી માગ જેવી સમસ્યાનો સામનો શણઉદ્યોગ કરી રહ્યો છે.
- દેશના કુલ શણ ઉત્પાદનમાં પશ્ચિમ બંગાળ – 80% ઉત્પાદન કરે છે.
- માટે શણમાંથી બનતી વિવિધ ચીજો પશ્ચિમ બંગાળના લોકોનાં ઘરોમાં વધુ જોવા મળે છે. જેવી કે, કંતાન, કોથળા, સુથળી, પગલૂછણિયાં, ગૃહસુશોભન વસ્તુઓ.

36. જુદી જુદી પંચવર્ષીય યોજના હેઠળ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે કઈ જોગવાઈઓ શરૂ કરી છે?

- ભારત સરકારે જુદી જુદી પંચવર્ષીય યોજના હેઠળ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે અનેક જોગવાઈઓ કરી છે :
- આ વર્ગના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની રચના, શિષ્યવૃત્તિ યોજના, અને વિવિધ પ્રતિયોગિતા કસોટી માટે તાલીમ અને માર્ગદર્શન આપતા વર્ગો શરૂ કરવામાં આવ્યા છે.
- સરકારી નોકરીઓમાં આ જાતિના ઉમેદવારો માટે ઉંમર, ફી, લઘુતમ લાયકાત વગેરેમાં છૂટછાટ અપાઈ છે.
- આ જાતિના વિકાસ અને કલ્યાણ માટે રાજ્યમાં અલગ વિભાગ અને કેન્દ્રમાં વિશિષ્ટ અધિકારીની નિમણૂક કરવામાં આવી છે. રાષ્ટ્રીય કક્ષાએ આ જાતિ માટે રાષ્ટ્રીય આયોગની રચના કરવામાં આવી છે.

37. ભારતમાં જુદા જુદા ધર્મ-સંપ્રદાયના લોકો રહે છે. તેમની વચ્ચે સુમેળ, સંપ જળવાઈ રહે તે માટે તમારાં સૂચનો જણાવો.

- સૌપ્રથમ નાગરિકો અને સરકારે સાંપ્રદાયિક તત્ત્વો સામે સખતાઈપૂર્વક પગલાં ભરવાં પડશે અને તેને દૂર કરવાના તમામ પ્રયત્નો કરવા પડશે.
- સાંપ્રદાયિકતાને દૂર કરવાનું અસરકારક સાધન શિક્ષણ છે. આપણા શિક્ષણ કે અભ્યાસક્રમમાં દરેક ધર્મની સારી બાબતો સામેલ કરવી જોઈએ. તેમજ સર્વધર્મની પ્રાર્થના અને સામાજિક પર્વોની ઉજવણી જેવી પ્રવૃત્તિથી બાળકોમાં સર્વધર્મ પ્રત્યે આદરભાવ કેળવવો જોઈએ.
- સાંપ્રદાયિક વિચારધારા પર આધારિત રાજકીય પક્ષોને માન્યતા આપવી જોઈએ નહીં. ચૂંટણી માટે ખાસ આચારસંહિતા છે. તેનો ચુસ્ત અમલ કરવો જોઈએ.
- રેડિયો, ટી.વી., સિનેમા, પ્રચાર માધ્યમો જેવાં શ્રેષ્ઠ દૃશ્ય-શ્રાવ્ય સાધનો થકી સમભાવ અને સહિષ્ણુતાનો પ્રસાર કરવો જોઈએ. રાષ્ટ્રહિત અને રાષ્ટ્રવાદને પ્રોત્સાહિત કરે તેવા કાર્યક્રમો પ્રસારિત કરવા જોઈએ.
- ધાર્મિક અને રાજકીય વડાઓએ સાંપ્રદાયિકતાને નાથવા પ્રયત્ન કરવા જોઈએ.
- સાંપ્રદાયિકતાને દૂર કરવા યુવાનોમાં સાંપ્રદાયિકતાના સ્થાને બિનસાંપ્રદાયિક અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસે તેવા પ્રયત્નો સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે થવા જોઈએ.
- સાંપ્રદાયિતા સામે માત્ર સરકાર જ નહીં, સમાજે પણ વિશિષ્ટ પ્રયત્નો કરવા જોઈએ.
- ધર્મ, જ્ઞાતિ, પ્રાંત, ભાષાથી ઉપર રાષ્ટ્રહિત, રાષ્ટ્રગૌરવ છે. તેવી સમજ વિકસાવવી, જે લોકોને એક તાંતણે બાંધે છે અને તે રાષ્ટ્રવાદ અને રાષ્ટ્રીય એકતાને પોષે છે.

Liberty

## વિભાગ C

➢ **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો : (દરેક પ્રશ્નના 3 ગુણ)**

38. સ્તંભલેખો પરથી કલા વિશે માહિતી આપો.

- સ્તંભલેખો એક જ શિલામાંથી બનાવેલા હતા.
- સમ્રાટ અશોકના ધર્માજ્ઞાઓ કોતરેલા સ્તંભલેખો એ શિલ્પકલાના શ્રેષ્ઠ નમૂના છે.
- બ્રાહ્મી લિપિના કોતરાયેલા સ્તંભલેખો ચૂનાના કે રેતાળ પથ્થરમાંથી બનાવવામાં આવ્યા હતા.
- એક જ વિશાળ પથ્થરને કોતરીને, ઘસીને, ચળકાટ આપવામાં આવતો હતો.
- સ્તંભલેખો પૈકી સમ્રાટ અશોકનો સારનાથનો સ્તંભ શિલ્પકલાનો ઉત્કૃષ્ટ નમૂનો છે.
- સારનાથના સ્તંભની ટોચ ઉપર પરસ્પર અડકીને ઊભેલા ચાર સિંહોની આકૃતિ છે.
- સારનાથના સ્તંભમાં સિંહોની નીચે ચારે બાજુ ચાર ધર્મચક્રો અંકિત કર્યાં છે. ઉપરાંત હાથી, ઘોડા કે બળદની શિલ્પકૃતિઓ છે.
- 24 આરાવાળા ધર્મચક્રને આપણા રાષ્ટ્રધ્વજમાં સ્થાન આપવામાં આવ્યું છે. તેમજ ચાર સિંહોની આકૃતિને ભારતના રાષ્ટ્રીય પ્રતીક તરીકે સ્વીકારવામાં આવેલ છે.
- સ્તંભલેખો પરની કલા અજોડ છે.

39. ગુજરાતની સ્થાપત્યકલાનો પરિચય આપો.

- ગુજરાતમાં શિલ્પ-સ્થાપત્ય કલામાં વિવિધ ધર્મનાં મંદિરો, મસ્જિદો, વિહારો, સ્તૂપો, દેરાસરો અને સમાજ ઉપયોગી બાંધકામ એવાં મહેલો, કિલ્લાઓ, ધર્મશાળા, ચબૂતરા, કૂવા, વાવ વગેરે અતિભવ્ય ગણાય છે.
- (1) મંદિરો :
    - ધાર્મિક ક્ષેત્રે ગુજરાતમાં વિવિધ ધર્મનાં મંદિરોની રચના થઈ છે. જેમાં મુખ્ય મંદિરો નીચે મુજબ છે :

- અમદાવાદ – ભદ્રકાળી મંદિર, ગીતા મંદિર, વેદ મંદિર, જગન્નાથ મંદિર
- ડાકોર – રણછોડરાયજી મંદિર
- મોઢેરા – સૂર્યમંદિર
- વડનગર – હાટકેશ્વર મંદિર
- દ્વારકા – જગતમંદિર
- પાવાગઢ – મહાકાલી મંદિર
- ખેડબ્રહ્મા – બ્રહ્માજી મંદિર
- ભાવનગર – ખોડિયાર માતાજી મંદિર
- કચ્છ – આશાપુરા માતાજી મંદિર
- ઉપરાંત અંબાજી મંદિર, બહુચરાજી મંદિર, સોમનાથ મંદિર મુખ્ય છે.

➥ (2) મસ્જિદો :

- જામા મસ્જિદ – અમદાવાદ ત્રણ દરવાજા નજીક આવેલી છે.
- ઈ.સ. 1424માં આ મસ્જિદ સુલતાન અહમદશાહ પહેલાએ બંધાવી હતી.
- જેમાં 260 સ્તંભો અને 15 ગુંબજોની રચના છે.
- સીદી સૈયદની જાળી, સરખેજનો રોજો, ઝૂલતા મિનારા મુખ્ય છે.
- રાણી સીપ્રીની મસ્જિદ જે 'મસ્જિદે નગીના'ના નામે ઓળખાય છે.
- જામી મસ્જિદ – ચાંપાનેર ખાતે આવેલી છે.

➥ (3) જૈન દેરાસરો :

- ગુજરાતમાં અમદાવાદ ખાતે હઠીસિંગનાં જૈન દેરાસર ઉપરાંત કુંભારિયાજી, શંખેશ્વર, સિદ્ધગિરિ શેત્રુંજયગિરિ પાલિતાણા વગેરે શિલ્પસ્થાપત્ય અને કોતરણીની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ છે.

➥ (4) ગુજરાતની વાવ :

- અડાલજની વાવ, દાદા હરિની વાવ – અમદાવાદ, રાણકી વાવ – પાટણ, હીરા ભાગોળ – ડભોઈ વગેરે સુંદર વાવો આવેલી છે.
- આ સિવાય સ્થાપત્યકલામાં અમદાવાદ ખાતે ભદ્રનો કિલ્લો, ત્રણ દરવાજા, નગીનાવાડી, કાંકરિયા તળાવ મુખ્ય છે. રુદ્રમહાલય – સિદ્ધપુર, સહસ્રલિંગ તળાવ – પાટણ, શામળશાની ચોરી અને તાના-રીરી સમાધિ, કીર્તિતોરણ – વડનગર, મુનસર તળાવ – વિરમગામ, મલાવ તળાવ – ધોળકા વગેરે ગુજરાતની સ્થાપત્યકલાના ઉત્તમ નમૂનાઓ છે.

40. મધ્યકાલીન સાહિત્યની ચર્ચા કરો.

➥ (A) પ્રારંભિક મધ્યકાલીન સાહિત્ય :

- ઉત્તર ભારતમાં મધ્ય યુગની શરૂઆતમાં સંસ્કૃત સાહિત્યની ભાષા બની રહી છે.
- કશ્મીરમાં બે મહાન ગ્રંથો લખાયા. જેમાં સોમદેવરચિત 'કથાસરિતસાગર' અને કલ્હાણરચિત 'રાજતરંગિણી'
- રાજતરંગિણી એ કશ્મીરના ઇતિહાસને આલેખતો પ્રથમ ઐતિહાસિક ગ્રંથ છે.
- બીજી મહત્ત્વની રચના જયદેવનું 'ગીતગોવિંદ' છે. જેની ગણના સંસ્કૃતના સુંદર કાવ્યગ્રંથમાં થાય છે.
- અપભ્રંશ થયેલી આધુનિક ભારતીય ભાષામાં ચંદબરદાઈરચિત 'પૃથ્વીરાજરાસો' વીરગાથા રચાઈ તથા શંકરાચાર્યનું 'ભાષ્ય' રચાયું.

➥ (B) મધ્યકાલીન દ્રવિડ કુળનું ભાષાસાહિત્ય :

- મધ્યકાળમાં દક્ષિણ ભારતમાં દ્રવિડ કુળની ભાષાઓનો વિશેષ વિકાસ થયો.
- થોડા સમય સુધી કન્નડ સાહિત્ય પર જૈન ધર્મની પ્રગાઢ અસર રહી, જેમાં કવિ પંપાએ 'આદિપુરાણ' કવિ પોન્નાએ 'શાંતિપુરાણ' અને કવિ રન્નાએ 'અજિત પુરાણ' સાહિત્ય કૃતિ રચી.
- કવિ કમ્બલે તમિલ ભાષામાં 'રામાયણમ્'ની રચના કરી.

➥ (C) દિલ્હી સલ્તનકાળ :

- ભારતીય ભાષાઓનો વિકાસ થયો તથા હિન્દી ભાષાનાં મુખ્ય બે સ્વરૂપો વ્રજ અને ખડી બોલીઓનો વિકાસ થયો.
- હિન્દી-ગુજરાતીને મળતી રાજસ્થાની ભાષામાં આલ્હા, ઉદલ અને બિલદેવ રાસો વીરગાથાઓ રચાઈ.
- મુલ્લા દાઉદનો 'ચંદ્રાયન' ગ્રંથ અવધી ભાષાનો સૌથી જૂનો ગ્રંથ મનાય છે.
- ફારસી ભાષા દિલ્હી સુલતાનોની રાજભાષા હતી.
- આ સમયમાં અનેક ઇતિહાસકારો થઈ ગયા, જેમાં ઝિયાઉદ્દીન બરનીએ 'તારીખે ફિરોજશાહી' અને ફતવા એ જહાંદારી નામે ગ્રંથોની રચના કરી હતી.

➥ (D) અમીર ખુશરો :

Liberty

- અમીર ખુશરો એ આ સમયના મહાન સાહિત્યકાર, ઇતિહાસકાર, રહસ્યવાદ સંત અને સંગીતકાર હતા.
- તેમની મહત્ત્વની કૃતિઓમાં આસિકા, નૂર, સિપિહર અને કિરાતુલ સદાયનનો સમાવેશ થાય છે.
- અમીર ખુશરોની રચનાઓમાં ભારતીય વાતાવરણ, સુંદરતા, જ્ઞાન-વિજ્ઞાન અને ઇમારતોનું વર્ણન છે.

➥ (E) પ્રાદેશિક સાહિત્ય વિકાસ :

- આ સમયે ભોજપુરી અને અવધી એ હિન્દી ભાષાની મુખ્ય બોલીઓ વિકસી : જ્યારે કબીરની રચનાઓ સંધુકડી લોકબોલીમાં છે. તેના દોહરાઓ લોકસાહિત્યનું અંગ બન્યા.
- મલિક મુહમ્મદ જાયસીનું 'પદ્માવત્' મહાકાવ્ય તથા તુલસીદાસનું 'રામચરિતમાનસ' એ અવધી ભાષામાં રચાયા.
- બંગાળના સુલતાનોના આશ્રયે કૃતિવાસે બંગાળીમાં 'રામાયણ' અને ચંડીદાસે સેંકડો ગીતોની રચના કરી તથા સંત ચૈતન્યે ભક્તિગીતો લખવાની પરંપરા શરૂ કરી.
- ગુજરાતીમાં નરસિંહ મહેતા તથા મરાઠીમાં એકનાથ અને નામદેવે ભક્તિપરક રચનાઓ લખી.
- વિજયનગર સામ્રાજ્યના સમ્રાટ-કૃષ્ણદેવરાયે 'આમુક્ત-માલ્યદા' નામે સાહિત્ય કૃતિ રચી.

➥ (F) મુઘલકાલીન સાહિત્ય :

- મુઘલ સ્થાપક બાબરે તુર્કી ભાષામાં 'તુઝુકે બાબરી' આત્મકથા લખી. જેનો ફારસી અનુવાદ 'બાબરનામા' છે.
- હુમાયુની બહેન ગુલબદન બેગમે 'હુમાયુનામા' લખ્યું. જ્યારે જહાંગીરે 'તુઝુકે જહાંગીરી' નામે આત્મકથા લખી.
- અકબરના શાસનકાળમાં વ્યાપક સાહિત્યસર્જન થયું, જેમાં તુલસીદાસ, સુરદાસ અને કેશવદાસે હિન્દીમાં સાહિત્યસર્જન કર્યું. જ્યારે રહિમે અનેક દોહરાની રચના કરી.
- ફારસી ભાષામાં અબુલ ફઝલે - 'આયને અકબરી' તથા 'અકબરનામા' ગ્રંથો રચ્યા, જ્યારે ફૈઝીએ સંસ્કૃત ભાષાના ગ્રંથોનો ફારસીમાં અનુવાદ કર્યો.
- ઔરંગઝેબ સિદ્ધહસ્ત લેખક હતો અને છેલ્લો સમ્રાટ બહાદુરશાહ ઉર્દૂ કવિ હતો.
- મધ્યયુગની સૌથી મહત્ત્વની ઘટના ઉર્દૂ ભાષાના જન્મનીછે. ઉર્દૂભાષામાં વલી, મીરદર્દ, મીરતકી મીર, ગાલીબ, નઝીર અકબરાબાદી, અસદુલ્લા ખાન જેવા મહાન કવિઓ થયા.
- ઉર્દૂ ગદ્યગ્રંથોમાં મુહેમદ હુસૈન આઝાદનો 'દરબારે અકબરી' ગ્રંથ મહત્ત્વનો છે.

41. આપેલ શબ્દોને વ્યાખ્યા સ્વરૂપે લખો :
(1) એકલ સંસાધન (2) સંસાધન (3) જમીનધોવાણ

➥ 1. એકલ સંસાધન : વિશ્વમાં ભાગ્યેજ એક કે બે સ્થળે મળી આવતાં ખનીજોને એકલ સંસાધન કહેવાય છે. ઉદા., ક્રાયોલાઇટ માત્ર ગ્રીનલેન્ડમાંથી જ મળે છે.

➥ 2. સંસાધન : માનવી તેનાં વિશિષ્ટ જ્ઞાન-કૌશલ્ય દ્વારા સંસાધનોને વિકાસની પ્રક્રિયામાં ઉપયોગી બને તેને સંસાધન કહે છે. ઉદા., વિવિધ ખનીજો.

➥ 3. જમીનધોવાણ : જમીનધોવણ એટલે જમીનના કણોનું ગતિશીલ હવા કે પાણી દ્વારા એક સ્થળેથી બીજા સ્થળે દૂર સુધી સ્થળાંતરિત થવું.

- જમીનના ઉપલા કણોનું ઝડપથી કુદરતી બળો દ્વારા અન્યત્ર સ્થળાંતર થઈ જવું.
- જમીનધોવાણ મોટે ભાગે હવા અને પાણી દ્વારા વધુ પ્રમાણમાં થાય છે.
- પાણી જમીન કણોને પોતાની સાથે વહાવીને લઈ જાય તો વાવાઝોડું કે ચક્રવાત માટીના કણોને હવામાં ઉડાડી સ્થળાંતરિત કરે છે.

42. ભૂમિ-સંરક્ષણ એટલે શું ? ભૂમિ-સંરક્ષણના ઉપાયો જણાવો.

➥ ભૂમિ-સરંક્ષણ એટલે જમીનનું ધોવાણ અટકાવીને જમીનની ગુણવત્તા જાળવી રાખવી.

➥ જમીન સંરક્ષણનો સીધો સંબંધ માટીકણોને પોતાની મૂળ જગ્યાએ જાળવી રાખવા સાથે છે.

➥ ભૂમિ-સંરક્ષણના ઉપાયો :

- જંગલોના આચ્છાદનને કારણે તેનાં મૂળ જમીનકણોને જકડી રાખે છે. નદી-કોતરો અને પહાડી ઢોળાવોના ધોવાણ અટકાવવા વૃક્ષારોપણ કરવું.
- રણની નજીકનાં ક્ષેત્રોમાં વાતા પવનોને રોકવા વૃક્ષોની હારમાળા ઉગાડવી જે રણવૃદ્ધિ અટકાવશે.
- નદીઓના પૂરને અન્ય નદીઓમાં વાળીને કે સૂકી નદીઓમાં વહાવીને અંકુશમાં લેવાં જોઈએ.
- અનિયંત્રિત ચરાણથી પહાડોની જમીનનું સ્તર ઢીલું પડે છે તેને અટકાવવું જોઈએ.
- ક્ષિતિજ સમાંતર ખેડ, સીડીદાર ખેતપદ્ધતિ અપનાવવી જોઈએ.
- ફળદ્રુપતા ગુમાવી બેઠેલી જમીનમાં પુનઃસેન્દ્રિય પદાર્થોનું ઉમેરણ કરવું જોઈએ.
- જમીનનું સંરક્ષણ એ આજના સમયની તાતી જરૂરિયાત છે, તેના સંરક્ષણ માટે સરકાર, સમાજના લોકોએ સહિયારો પ્રયાસ કરવો જોઈએ.

43. ઔદ્યોગિક નીતિમાં આર્થિક વિકાસને પોષક બને તેવા આર્થિક સુધારાઓમાંથી ઉદારીકરણ એટલે શું ? તેના લાભો અને ગેરલાભો જણાવો.

➥ સરકારની ઔદ્યોગિક નીતિ દ્વારા ખાનગી ક્ષેત્ર પરના અંકુશો અને નિયંત્રણોમાં ક્રમશઃ ઘટાડો કરીને વિકાસને પ્રોત્સાહિત કરવાની નીતિને આર્થિક ઉદારીકરણ કહે છે.

Liberty

➥ લાભ :

(1) ખાનગી ક્ષેત્રને મુક્ત વિકાસની તકો પ્રાપ્ત થઈ તેથી ઉત્પાદનમાં વધારો થયો.

(2) ઉદારીકરણને લીધે વિદેશ વ્યાપારને બળ મળવાનું શરૂ થયું અને વિદેશ વ્યાપારમાં વૃદ્ધિ થઈ.

(3) વિદેશી હૂંડિયામણની અનામતમાં વેપાર થકી વધારો થયો.

(4) દેશની આંતરમાળખાકીય સુવિધાઓમાં વધારો થયો.

➥ ગેરલાભ :

(1) ખાનગી ક્ષેત્ર પરના અંકુશો ઘટવા છતાં ઇજારાશાહીનાં વલણોમાં ઘટાડો થઈ શક્યો નથી.

(2) માત્ર ઔદ્યોગિક ક્ષેત્ર પર ધ્યાન આપવાથી કૃષિક્ષેત્ર વિકાસમાં પાછળ રહ્યું.

(3) આવકની અસમાનતામાં વધારો થયો.

(4) આયાત વધવાથી સામે નિકાસ ઘટવાથી વિદેશી દેવાંમાં વધારો થયો.

44. ભાવવધારો આર્થિક વિકાસમાં પોષક પણ છે અને અવરોધરૂપ પણ છે. વિધાન સમજાવો.

➥ દેશમાં વિવિધ ચીજવસ્તુઓના ભાવો વધતાં યોજકો અને ઉત્પાદકો નફામાં વધારો થતાં નવાં ઉત્પાદન સાહસો અર્થતંત્રમાં પ્રવેશે છે.

➥ પ્રારંભમાં ઉત્પાદન ખર્ચમાં થતો વધારો એ ભાવવધારા કરતાં ઓછો રહેવાથી નફાનો ગાળો-વધતાં નવું મૂડીરોકાણ કરનારને પ્રોત્સાહન મળે છે.

➥ દેશમાં ઉત્પાદકીય પ્રવૃત્તિઓ, ઉત્પાદન, રોજગારીમાં ક્રમશઃ વધારો થાય છે. તેથી ઉત્પાદકોની આવકોમાં વધારો થાય છે.

➥ કામદારોની વધારે-વેતનની માંગ સંતોષાતા તેમની વાસ્તવિક આવક વધે છે, જે તેમની ખરીદશક્તિમાં પણ વધારો કરે છે અને તેમનું જીવનધોરણ ઊંચું આવે છે.

➥ આ પ્રક્રિયા દેશમાં આર્થિક પ્રવૃત્તિને વેગ આપે છે, જે દર્શાવે છે કે, ભાવવધારો એ આર્થિક વિકાસનો પોષક છે.

➥ આથી, વિપરીત ભાવવધારો આર્થિક વિકાસમાં અવરોધરૂપ પણ છે.

➥ દેશમાં દરેક ક્ષેત્રે એકધારા સતત ઊંચા દરે ભાવોમાં વધારો થતાં તાત્કાલિક કોઈ પણ વસ્તુનું ઉત્પાદન વધારી શકાતું નથી.

➥ દેશમાં બીજી તરફ નાણાંના પુરવઠામાં વધારો થાય છે. તેથી ખૂબ વધારે નાણું અમુક વસ્તુઓને પકડવા દોડે છે. જેથી ફુગાવાજન્ય પરિસ્થિતિ સર્જાય છે.

➥ ભાવવધારો એ ખર્ચ, આવક અને ઉત્પાદનનાં સાધનોની કિંમતની ગણતરીને તથા તેની ફાળવણીને, છિન્નભિન્ન કરે છે અને અર્થતંત્ર પર વિપરીત અસર જન્માવે છે.

➥ લોકોનું જીવનધોરણ નીચું જતાં અસામાજિક પ્રવૃત્તિઓ તરફ વળે છે અને ચોરી, લૂંટફાટ જેવાં અનિષ્ટો કરવા પ્રેરાય છે.

➥ આમ, ભાવવધારો આર્થિક વિકાસને અવરોધે છે.

➥ આ પરથી કહી શકાય કે, ભાવવધારો આર્થિક વિકાસનો પોષક છે અને અવરોધરૂપ પણ છે.

45. મિ. લોબો એક પ્રતિષ્ઠિત દુકાનમાંથી જાણીતી કંપનીનું TV ખરીદે છે. પરંતુ ગેરંટી સમય પહેલાં તે TV બગડી ગયેલ, તો કંપનીને ફરિયાદ કરતાં કંપની સંતોષજનક જવાબ આપતી નથી. – આ સર્જાયેલ પરિસ્થિતિમાં મિ. લોબોને તમે શું સૂચન કરશો?

➥ જો વેપારી કે ઉત્પાદક ગ્રાહકની સાચી, યોગ્ય અને સ્પષ્ટ ફરિયાદનું કોઈ નિરાકરણ માટે પહેલ ન બતાવે કે તૈયારી ન બતાવે ત્યારે શોષણનો ભોગ બનનાર ગ્રાહક કે તેનાં કુટુંબના સભ્ય સ્થાનિક જિલ્લા ફોરમ, રાજ્ય કમિશન, રાષ્ટ્રીય કમિશનમાં કેસ દાખલ કરી શકે છે.

➥ સ્થાનિક ક્ષેત્રે ગ્રાહક સુરક્ષા મંડળો, સ્થાનિક પુરવઠા કચેરી, તોલમાન વિજ્ઞાન અને ગ્રાહક કચેરી કે કલેક્ટર કચેરીમાં પણ ફરિયાદ કરી શકે છે.

➥ જ્યારે માલ કે સેવામાં ખામી કે ત્રુટિ જણાય ત્યારે કરાર કે કાયદા હેઠળ જેનું પાલન કરવું જરૂરી હોય તેમ કરવાની રીતમાં રહેલી અપૂર્ણતા કે ખામી સેવામાં ઊણપ ગણાય. આવા સંજોગોમાં ગ્રાહક ફરિયાદ કરી શકે છે.

➥ ફરિયાદ નીચે મુજબ કરવી જોઈએ :

- ફરિયાદની અરજી સરળ, સ્પષ્ટ ભાષામાં સ્વ-હસ્તાક્ષરમાં કે ટાઇપ કરાવીને લખી શકાય, જેને ઇ-મેઇલ કે વકીલ દ્વારા નામ, સરનામું અને સંપર્ક નંબર લખી તેમજ સોગંદનામું જોડીને કરી શકાય છે.
- ફરિયાદનું વિગતપૂર્ણ વર્ણન અને ફરિયાદનાં કારણો સ્પષ્ટ લખવા.
- આરોપ માટે જરૂરી આધાર-પુરાવા કે દસ્તાવેજ હોય તેની પ્રમાણિત નકલો જોડવી. જોકે ક્યારેય પણ મૂળ પુરાવા આપવા નહિ.
- બિલ, પાકી રસીદ બીડવી. જો પેમેન્ટ ચેકથી કે ઓનલાઇન કરેલ હોય, તો તેની વિગત જણાવવી.
- વિક્રેતાએ કરેલી શરતો, જાહેરખબરની નકલ, ગેરંટી કે વોરંટી કાર્ડની નકલ બીડવી.
- અરજી સાથે માંગેલ વળતરના દાવાની રકમ અનુસાર નિયમ મુજબ ફી ભર્યેથી જે તે ગ્રાહક કોર્ટ (ફોરમ) ફરિયાદ દાખલ કરી શકે છે.
- ગ્રાહક ફરિયાદ ઉદ્ભવવાનું કારણ ઉદ્ભવે તેના બે વર્ષમાં ફરિયાદ દાખલ કરી શકે છે.
- ગ્રાહકોના માર્ગદર્શન માટે ગુજરાત રાજ્ય હેલ્પલાઇન ટોલ ફ્રી નંબર – 1800–233–0222 છે અને રાષ્ટ્રીય કક્ષાએ હેલ્પલાઇન નંબર 1800–114000 પરથી માહિતી મેળવી શકે છે.

@ Liberty

46. માનવ વિકાસ આંકમાં ભારત મધ્યમ માનવ વિકાસની હરોળમાં છે, તો તેને ઉચ્ચતમ માનવ વિકાસની શ્રેણીમાં લઈ જવા શું કરવું જોઈએ ?

➡ જો ભારતને મધ્યમ માનવ વિકાસની હરોળમાંથી ઉચ્ચતમ માનવ વિકાસ શ્રેણીમાં લઈ જવો હોય તો માનવ વિકાસને અવરોધક પરિબળો : (1) સ્વાસ્થ્ય (આરોગ્ય), (2) લૈંગિક સમાનતા (સ્ત્રી-પુરુષ સમાનતા) અને (3) મહિલા સશક્તિકરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ વિકાસ કરવો પડશે.

(1) સ્વાસ્થ્ય :

➡ આરોગ્ય એ વ્યક્તિના જીવનની કિંમતી મૂડી છે. વ્યક્તિનું જીવન ઉત્તમ બને, તેનું સ્વાસ્થ્ય સારું રહે તે મહત્ત્વનું છે.

➡ ભારતે આરોગ્ય ક્ષેત્રે ઘણી પ્રગતિ કરી છે, જેમાં બાળ રસીકરણ કાર્યક્રમો દ્વારા બાળ આરોગ્ય અને બાળ મૃત્યુદરમાં સુધારો લાવી શક્યા છીએ.

➡ ભારતમાં કેટલાક રોગોને નિર્મૂળ કરી શક્યા છીએ તો કેટલાક રોગો પર નિયંત્રણ સાધી શક્યા છીએ જેના કારણે લોકોના સરેરાશ આયુષ્યમાં વધારો થયો છે.

➡ છતાં ભારતનાં ઘણાં રાજ્યોમાં વસ્તીવૃદ્ધિ-દર ઘટાડવા માટે ઊંચો પ્રજોત્પત્તિ દર ઘટાડવો એ આરોગ્ય માટે મહત્ત્વનું લક્ષ્ય બની રહ્યું છે.

➡ આજે ભારતમાં જળજન્ય રોગો, શ્વસનરોગો અને કુપોષણે વસ્તી માટે મુશ્કેલી ઊભી કરી છે.

➡ મહિલાઓ, બાળકો અને ગરીબ લોકો માટે પોષક તત્ત્વોની ખામીઓ મૂળભૂત ખનીજો, વિટામિન અને પ્રોટીનની ઊણપ અપૂરતા વિકાસ માટે જવાબદાર બને છે.

➡ પર્યાવરણીય પ્રદૂષણ અને ઝેરી પદાર્થોનો ઉદ્ભવ રોજિંદા જીવનમાં નવા પડકારો છે.

➡ વધતાં શહેરીકરણ, ગીચ વસવાટોએ નવી આરોગ્ય સુવિધાઓ માટે સમસ્યાઓ ઊભી કરી છે.

➡ જો માનવ વિકાસને ઉચ્ચતમ શિખરો સુધી લઈ જવો હોય, તો આરોગ્ય ક્ષેત્રે ધ્યાન આપવું અને ફેરફાર કરવા જરૂરી બને છે.

(2) લૈંગિક સમાનતા :

➡ ભારતનું બંધારણ તમામ નાગરિકોને સમાનતા અને ન્યાયની બાંયધરી આપે છે. છતાં પ્રારંભકાળથી સ્ત્રીઓ પ્રત્યે ભેદભાવ થતો રહ્યો છે.

➡ કોઈ પણ રાષ્ટ્રની પ્રગતિ અને વિકાસમાં માનવ સંસાધન તરીકે સ્ત્રીઓની ભૂમિકા મહત્ત્વની છે.

➡ ભારતમાં જૈવિક ભિન્નતા તથા સામાજિક અને સાંસ્કૃતિક દૃષ્ટિકોણથી સ્ત્રીઓનો ઉછેર અને અપેક્ષા અલગ હોવાથી બંનેના વિકાસપથ પણ અલગ રહે છે.

➡ સ્ત્રીઓ ઘરકામ કરે, બાળઉછેર કરે તેનો કોઈ હિસ્સો આર્થિક ઉપાર્જનમાં ગણાતો નથી.

➡ દીકરા-દીકરી વચ્ચે શિક્ષણ, આરોગ્ય, રહન-સહન વગેરેમાં ભેદભાવ જોવા મળે છે.

➡ સ્ત્રીઓ અનેક પ્રકારના કુરિવાજો, અન્યાય અને શોષણનો ભોગ બની રહી છે.

➡ ભ્રૂણહત્યા તથા સ્ત્રીઓનો નીચો આદરભાવ, નિરક્ષરતા તથા જાતીય ભેદભાવને કારણે તે અન્યાયનો ભોગ બની રહી છે.

➡ આજે જ્યાં ઉચ્ચ પદ, વધુ વેતન, સારી સવલતો છે, ત્યાં પુરુષનું પ્રભુત્વ છે.

➡ ભારતને ઉચ્ચતમ માનવવિકાસ તરફ લઈ જવા માટે સ્ત્રીઓને આર્થિક અને સામાજિક ક્ષેત્રે અગ્રેસર કરવાની જરૂરિયાત ઊભી થાય છે.

(3) મહિલા સશક્તિકરણ :

➡ કોઈ પણ વિકાસશીલ રાષ્ટ્રમાં આર્થિક સશક્તિકરણ એ મહિલા સશક્તિકરણનું મહત્ત્વનું પાસું છે.

➡ સ્ત્રીઓ સમગ્ર વિકાસ પ્રક્રિયાનું કેન્દ્રબિંદુ છે, તો મહિલા સશક્તિકરણ માટે આર્થિક સ્વતંત્રતા અનિવાર્ય છે.

➡ ભારતમાં આજે પ્રત્યેક ક્ષેત્રોમાં સ્ત્રીઓ કાર્યરત છે. છતાં પણ હજુ દેશની અડધી આબાદી ધરાવતી સ્ત્રીઓ માટે વિકાસની ઘણી સંભાવના છે. તેને વિસ્તારવાની જરૂર છે.

➡ મહિલાઓના શારીરિક, માનસિક અને જાતીય શોષણ સામે રક્ષણ માટે વિશેષ પ્રયાસો થવા જરૂરી બને છે.

➡ મહિલાઓમાં વિશેષ પ્રમાણમાં સામર્થ્ય નિર્માણ, રોજગાર, આર્થિક ઉપાર્જન, સ્ત્રીકલ્યાણ અને સહાયક સેવાઓ તેમજ જાતીય સંવેદનશીલતાનાં ક્ષેત્રોમાં વિવિધ પ્રકારે વધુ કામગીરી જરૂરી બની છે.

➡ ભારતના માનવ વિકાસ આંકને ઉચ્ચતમ સપાટી પર લઈ જવા મહિલા સશક્તિકરણ અનિવાર્ય બને છે.

➡ માત્ર સરકાર જ નહિ, પણ દેશનો નાગરિક માનવ વિકાસની દિશામાં સક્રિય બને તો આવનારા સમયમાં આપણે પણ ઊંચા માનવ વિકાસ ધરાવતા દેશોની હરોળમાં સ્થાન મેળવી શકીશું.

## વિભાગ D

➢ **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો : (દરેક પ્રશ્નના ૪ ગુણ)**

47. "વાસ્તુશાસ્ત્ર" વિશે સમજૂતી આપો.

➡ પ્રાચીન ભારતનું વાસ્તુશાસ્ત્રમાં મહત્ત્વનું યોગદાન છે.

➡ વાસ્તુશાસ્ત્ર એ જ્યોતિષશાસ્ત્રનું અવિભાજ્ય અંગ છે.

➡ પ્રાચીન ભારતીય વાસ્તુશાસ્ત્રની ગણના, મહત્તા અને પ્રશંસા વિશ્વભરમાં થતી રહી છે.

➡ પ્રાચીન ભારતમાં બ્રહ્મા, નારદ, બૃહસ્પતિ, ભૃગુ, વશિષ્ટ અને વિશ્વકર્મા એ મહત્ત્વપૂર્ણ વાસ્તુશાસ્ત્રીઓ હતા.

➡ વાસ્તુશાસ્ત્રમાં રહેવાની જગ્યા, મંદિર, મહેલો, કિલ્લા, અશ્વશાળા જેવાં સ્થાપત્યોના નિર્માણ સંબંધિત માહિતી છે. જેમ કે કેવી રીતે રચના કરવી ? કઈ

Liberty


દિશામાં કરવી તેનો સ્પષ્ટ ઉલ્લેખ છે.

- બૃહદ્સંહિતામાં વાસ્તુશાસ્ત્રનો ઉલ્લેખ છે.
- પંદરમી સદીમાં મેવાડના રાણા કુંભાએ વાસ્તુશાસ્ત્રનો પુનરુદ્ધાર કરાવ્યો.
- દેવોના પ્રથમ સ્થપતિ વિશ્વકર્મા છે. જેમણે વાસ્તુશાસ્ત્રને આઠ ભાગોમાં વિભાજિત કર્યું.
- વાસ્તુશાસ્ત્રમાં જગ્યાની પસંદગી, વિવિધ આકારો, રચના, કદ તેમજ વસ્તુઓની ગોઠવણી, દેવમંદિર, બ્રહ્મસ્થાન ભોજનકથા, શયનખંડ આદિ વિવિધ સ્થાનોની માહિતી આપવામાં આવી છે.
- વાસ્તુશાસ્ત્રના દૃષ્ટિબિંદુમાં હવે પરિવર્તન આવ્યું છે તથા તેને વિદેશમાં પણ સ્વીકૃતિ મળી રહી છે.

48. **ટૂંક નોંધ લખો : પ્રાચીન ભારતનું ખગોળશાસ્ત્ર**

- શાસ્ત્રોમાં ખગોળશાસ્ત્ર સૌથી પ્રાચીન શાસ્ત્ર છે.
- ગ્રહો, ગ્રહોની ગતિ, નક્ષત્રો અને અવકાશી પદાર્થોની ગણતરીને આધારે ખગોળ અને જ્યોતિષશાસ્ત્રનો વિકાસ થયો.
- ખગોળશાસ્ત્રમાં અનેક ગ્રંથો લખાયા છે. જેનો પ્રાચીન વિદ્યાપીઠોમાં વ્યવસ્થિત અને ઊંડો અભ્યાસ થતો હતો.
- આર્યભટ્ટે ખગોળશાસ્ત્રમાં 'ચંદ્રગ્રહણનું કારણ પૃથ્વીનો પડછાયો' અને પૃથ્વી પોતાની ધરી પર ફરે છે, તેમ સાબિત કર્યું હતું.
- બ્રહ્મગુપ્તે ગુરુત્વાકર્ષણના નિયમોનો ઉલ્લેખ 'બ્રહ્મસિદ્ધાંત' ગ્રંથમાં કર્યો છે.

49. ડાંગર : ભારતનો અગત્યનો પાક છે. સમજાવો



- દર્શાવેલ ચિત્ર એ ડાંગરના પાકને લગતું છે.
- ડાંગરના પાકની સમજૂતી નીચે મુજબ છે :
- ડાંગર :
  - ડાંગર એ ભારતીય લોકોનો સૌથી મહત્ત્વનો પાક છે.
  - વિશ્વની મોટા ભાગની વસ્તી અને ભારતમાં લગભગ અડધી વસ્તી ખોરાકમાં ચોખાનો ઉપયોગ કરે છે.
  - ડાંગર ઉત્પાદનમાં વિશ્વમાં ચીન પછી ભારત બીજા ક્રમે છે.
  - ભારતના કુલ વાવેતર વિસ્તારના ચોથા ભાગમાં ડાંગરનો પાક લેવાય છે.
- ડાંગરના પાકની અનુકૂળતાઓ :
  - આ પાકને ગરમ અને ભેજવાળી આબોહવા અનુકૂળ રહે છે.
  - તાપમાન લઘુતમ 20°સે જેટલું અનુકૂળ રહે છે.
  - વરસાદનું પ્રમાણ 100 સેમી કે તેથી વધુ જરૂરી છે.
  - મોટે ભાગે નદીઓના કાંપની ફળદ્રુપ જમીન અનુકૂળ રહે છે.
- ઉત્પાદક રાજ્યો :
  - ભારતમાં પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, આંધ્ર પ્રદેશ, તેલંગણા, બિહાર, ઓડિશા મુખ્ય રાજ્યો ઉપરાંત પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ, ગુજરાત ગૌણ રાજ્યો છે.
  - ઓછા વરસાદવાળા પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશમાં સિંચાઈથી ડાંગરનો પાક લેવાય છે.
  - ગુજરાતમાં – વાપી, સુરત, પંચમહાલ, અમદાવાદ, ખેડા, આણંદ, વલસાડ વગેરે જિલ્લાઓ ડાંગરનું વાવેતર અને ઉત્પાદન લેવાય છે.
  - ડાંગરને વધુ પાણીની જરૂર રહે છે. જેમાં ખેતરોમાં સતત પાણી ભરીને રાખવાને બદલે ફુવારા પદ્ધતિથી સિંચાઈ કરીને ઓછા પાણીથી પણ ડાંગરનો પાક લેવાય છે.

50. ભારતીય કૃષિ-પદ્ધતિઓ વિશે સમજૂતી આપો.

- ભારતમાં મુખ્યત્વે ત્રણ પ્રકારની કૃષિ-પદ્ધતિઓ પ્રચલિત છે. જેમાં (1) સજીવ ખેતી, (2) ટકાઉ (પોષણક્ષમ) ખેતી અને (3) મિશ્ર ખેતી.
- (1) સજીવ ખેતી :
  - સજીવ ખેતી એટલે ખેતીની એવી પદ્ધતિ કે, જેમાં યૂરિયા જેવા કોઈ પણ રાસાયણિક ખાતરો અને જંતુનાશકોનો ઉપયોગ કરવામાં આવતો નથી.
  - કૃષિપાકોના પોષણ માટે છાણિયું ખાતર, અળસિયાનું ખાતર, કમ્પોસ્ટ ખાતર વગેરે તથા પાક સંરક્ષણ માટે ગૌમૂત્ર, લીમડાનું દ્રાવણ, છાશ વગેરેની વપરાશ થાય છે.

Liberty

- સજીવ ખેતીને જૈવિક ખેતી પણ કહેવાય છે, જેની ખેતપેદાશો પોષણયુક્ત હોય છે. એમાં કુદરતી સ્વાદ, મીઠાશ અને સોડમ હોય છે. તેમાં વધુ ખનીજ, વિટામિન અને જીવનશક્તિ આપતાં તત્ત્વો હોય છે.
- જૈવિક ખેતીપેદાશોની અત્યારે ખૂબ જ માંગ છે, એટલે ખેડૂતોને વળતર પણ સારું મળે છે.
- રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના ઉપયોગથી ઉત્પાદિત ખેતપેદાશોની જમીન, પર્યાવરણ અને માનવ- જીવન પર વિપરીત અસર થઈ રહી હતી જેના કારણે આજે સજીવ ખેતપેદાશોની માગ વધી રહી છે.

➥ (2) ટકાઉ ખેતી (પોષણક્ષમ ખેતી) :

- આ ખેતીમાં જમીનની ફળદ્રુપતા લાંબા સમય સુધી જળવાઈ રહે તે માટે પાકની ફેરબદલી, પોષણ માટે જરૂરિયાત મુજબ રાસાયણિક ખાતરનો ઉપયોગ થાય છે.
- કીટકો અને નીંદણ નિયંત્રણ માટે જંતુનાશકોને બદલે જૈવિક નિયંત્રક, જળ-સંરક્ષણ વગેરે બાબતની વિશેષ કાળજી લેવામાં આવે છે.

➥ (3) મિશ્ર ખેતી :

- આ ખેતીમાં ખેતીની સાથે સાથે પૂરક પ્રવૃત્તિ તરીકે પશુપાલન, મરઘાં-બતકાં ઉછેર, મધમાખી અને મત્સ્ય- ઉછેર જેવી પ્રવૃત્તિ કરવામાં આવે છે.

51. સામાજિક સલામતી અને અન્નસુરક્ષાના સરકારના કાર્યક્રમો જણાવો.

➥ સરકારે આવકની અસમાનતા દૂર કરવા તથા ગરીબોની આવકનો મોટો હિસ્સો જીવનની પાયાની જરૂરિયાતો સંતોષવા પાછળ ખર્ચાઈ ન જાય તેની કાળજી સ્વરૂપે જીવનજરૂરિયાતની વસ્તુઓ જાહેર વિતરણ પ્રણાલી (PDS) હેઠળ 'વાજબી ભાવની દુકાનો' (FPSS) દ્વારા નિયત જથ્થામાં રાહતદરે ચીજવસ્તુઓ પૂરી પાડીને તેમના જીવનધોરણને ઊંચું લાવવાનો વ્યૂહ અપનાવ્યો છે.

➥ મા-અન્નપૂર્ણા યોજના હેઠળ ગુજરાત સરકારે તમામ અંત્યોદય કુટુંબોને અને ગરીબીરેખા નીચે જીવતાં લોકોને કુટુંબદીઠ પ્રતિમાસ 35 કિગ્રા અનાજ મફતમાં વિતરણ કરવા આ યોજના કાર્યરત છે.

➥ ગરીબ એવા મધ્યમ વર્ગના પરિવારોને સસ્તાદરે પ્રતિમાસ વ્યક્તિદીઠ 5 કિગ્રા અનાજ, જેમાં ઘઉં ₹ 2 પ્રતિકિલો અને ચોખા ₹ 3 પ્રતિકિલોના ભાવે વાજબી દુકાનો (FPSS) દ્વારા આપીને રાજ્યની 3.82 કરોડની જનતાને આ યોજના અન્વયે આવરી લેવામાં આવી છે.

➥ ગરીબ વર્ગની આવકનો મોટો ભાગ અનાજ પાછળ ખર્ચાતો બચશે, જે બચત થકી અન્ય વપરાશી વસ્તુઓ ખરીદીને ગરીબ વ્યક્તિના મુખ પર સ્મિત લાવીને જીવનસ્તરમાં સુધારો લાવવાનો આ યોજનાનો હેતુ છે.

52. જો ભારતમાં બેરોજગારી ઘટાડવી છે, તો 'શ્રમશક્તિનું યોગ્ય આયોજન' શ્રેષ્ઠ પુરવાર થઈ શકે છે. – કેવી રીતે ? સમજાવો.

➥ આજે રોજગારી ક્ષેત્રે નવાં નવાં ક્ષેત્રો ખુલ્યાં છે. જેમ કે, કમ્પ્યૂટર, ટેક્નોલોજી, ઇન્ફર્મેશન ટેક્નોલોજી, કાર્યક્ષેત્ર, બિઝનેસ મેનેજમેન્ટ, ધંધાકીય વ્યવસ્થાપન, પેકિંગ અને પ્રોસેસિંગ, આઉટ સોર્સિંગ, માર્કેટિંગ, કેટરિંગ, ઇવેન્ટ મેનેજમેન્ટ, ઓફિસ મેનેજમેન્ટ, હોટેલ મેનેજમેન્ટ, શેર-સ્ટોક માર્કેટિંગ વગેરે નવીન ક્ષેત્રોમાં રોજગારીની વિપુલ તકો રહેલી છે.

➥ આવાં ક્ષેત્રોને અનુરૂપ સ્થાનિક જરૂરિયાત મુજબ નવા અભ્યાસક્રમો યુનિવર્સિટીઓમાં દાખલ કરવામાં આવ્યા છે.

➥ આ ક્ષેત્રોને અનુરૂપ શિક્ષણ, પ્રશિક્ષણ અને તાલીમ આપતી સંસ્થાઓના પાઠ્યક્રમો બદલવામાં આવ્યા છે કે જેના કારણે નોકરીની વર્તમાન અને ભવિષ્યની જરૂરિયાતને પહોંચી વળાય.

➥ શ્રમશક્તિની માંગને અનુરૂપ યુવાનો સ્વરોજગારીની તકો પ્રાપ્ત કરી શકે તે માટે ટૂંકા ગાળાના ડિપ્લોમા કે સર્ટિફિકેટ પ્રકારના તાલીમી અભ્યાસક્રમો શરૂ કર્યા છે. જેવા કે, સ્પિનિંગ, વિવિંગ, ટર્નિંગ, પ્લમ્બરિંગ, રેડિયો, T.V., ફ્રીઝ, મોબાઇલ, AC રિપેરિંગના કોર્સ શરૂ કરવામાં આવ્યા છે.

➥ ઓટોમોબાઇલ્સ ક્ષેત્રે આવેલી ક્રાંતિને અનુરૂપ ઇલેક્ટ્રોનિક્સ, કમ્પ્યૂટર સાયન્સ, જિનેટિક સાયન્સ, એરો-સ્પેસ રોબોર્ટ મેકિંગ ક્ષેત્રે નવા કોર્સની તાલીમ આપીને કુશળ કારીગરો, ઇજનેરો અને ટેક્નિશિયનો તૈયાર થઈ રહ્યા છે.

➥ આજે નવા ઉદ્યોગો-ધંધા શરૂ કરવા માટે ઉદ્યોગ-સાહસિકોને 'સ્ટાર્ટ-અપ ઇન્ડિયા' અન્વયે સસ્તી લોનની સહાય પૂરી પાડવામાં આવે છે.

➥ સ્થાનિક ઉદ્યોગોની સાથે રહીને તાલીમી સંસ્થાઓના પરસ્પરના સહકાર અને સંકલન દ્વારા શક્ય બન્યું છે.

➥ વર્તમાન સમયે વ્હાઇટ કોલર જોબના સ્થાને સરકારની આર્થિક સહાયથી સ્વરોજગારીને પોષે તેવાં શૈક્ષણિક અભ્યાસક્રમોમાં તથા શૈક્ષણિક ખર્ચ ઘટે ને પ્રવેશ સરળ બને તેવું વાતાવરણ સર્જવું જોઈએ અને યોગ્ય સુદૃઢ માળખું ઊભું કરવું જોઈએ.

53. બાળમજૂરીનાં વિવિધ સ્વરૂપ અને બાળમજૂરીની માંગ વધુ હોવાનાં કારણો જણાવો. અથવા બાળશ્રમિકોની માંગનું પ્રમાણ શા માટે વધુ હોય છે?

➥ બાળમજૂર : 14 વર્ષથી ઓછી ઉંમરના શ્રમિકો બાળમજૂર કહેવાય છે.

➥ સ્વરૂપ : ભારતીય અર્થતંત્રમાં બધાં જ ક્ષેત્રોમાં બાળમજૂરી વિપુલ પ્રમાણમાં જોવા મળે છે. જેમ કે, હોટેલો-ફેક્ટરીઓ, બાંધકામ કે જોખમી વ્યવસાયમાં, ફટાકડા કે ઈંટોના ભઠ્ઠામાં, ખેતી, પશુપાલન અને મત્સ્યઉછેર જેવી પ્રવૃત્તિમાં.

➥ સેવાક્ષેત્રો : ઘરનોકર, ચાની લારી-ગલ્લાઓ, હોટેલો કે ઢાબામાં, ગેરેજોમાં, લારી ખેંચવી, અખબાર વેચવા, પ્લાસ્ટિક કે ભંગાર વીણવા જેવાં કાર્યો ઉપરાંત ભીખ માંગવી કે સાફ-સફાઈનાં કાર્યો કરતાં બાળમજૂરો જોવા મળે છે.

➥ બાળમજૂરીનાં કારણો : બાળશ્રમિક એ શ્રમનું સસ્તામાં સસ્તું સાધન છે. પુખ્તવયના શ્રમિકો કરતાં બાળશ્રમિક પાસે ઓછાં વેતન કે પગારથી કામ કરાવી શકાય છે.

- બાળમજૂરો સંગઠનના અભાવે માલિકો વિરુદ્ધ અવાજ ઉઠાવી શકતા નથી કે વિરોધ કરી શકતા નથી. તેથી બાળશ્રમિકોને ખબર ન પડે તે રીતે સરળતાથી વિવિધ સ્વરૂપે શોષણ કરી શકાય છે.
- બાળકો પાસેથી કઠિન વ્યવસાયમાં પણ ઓછા વેતને અને નિર્ધારિત કામના કલાકોથી વધુ કામ લઈ શકાય છે.
- બાળકોને ડરાવી, ધમકાવી અને લોભ-લાલચ કે પ્રલોભન આપી વધુ કામ કરાવી શકાય છે. બાળશ્રમિકોની સંખ્યા વધુ છે. તેથી ખૂબ જ પ્રમાણમાં અને સરળતાથી મળી રહે છે.
- બાળકો ભણવાની ઉંમરે કુટુંબના સભ્યોની જરૂરિયાતોની પૂર્તિ કરવા, કમાવવાના વધુ બે હાથ સ્વરૂપે માતા-પિતા બાળકોને જુએ છે અને બાળમજૂરીએ ધકેલે છે.
- આમ, માલિકો કે શેઠિયાઓ પુખ્યવય કરતા બાળશ્રમિકોને કામે રાખવાનું વધુ પસંદ કરે છે. જોકે આવાં બાળકો સાચા અર્થમાં પોતાના બાળપણનો આનંદ માણી શકતાં નથી.

Liberty